# સમર્થ કેપીટલ નામની પેઢીના માલીકોના દિવા બુઝાતા નગરમાં હોળી-ધુળેટી જેવો માહોલ

## સમર્થ કેપીટલ ફાઇનાન્સના પઠાણી વ્યાજખોરોએ સમર્થ કેમ્પસની જમીન કેવી રીતે ખરીદી !

બાયડ, તા. ૧

બાયડ ડેમાઈ રોડ પર આવેલ માધવકંપા પાટીયા પાસે સમર્થ કેમ્પસ બની રહ્યું છે. તે સમર્થ કેમ્પસ મની લોન્ડરીંગ કેસના પઠાણી વ્યાજખોરોની પેઢી સમર્થ કેપીટલના માલીકો બનાવી રહ્યા છે. આ સમર્થ કેમ્પસની જમીનના મૂળ માલીક ખેતી કરી પોતાના પરીવારનું ગુજરાન કરતા હતાં. ત્યારે આ ખેડૂતે બાયડના ચોઈલા રોડ પર આવેલ સમર્થ કેપીટલ નામની ફાયનાન્સમાંથી ધિરાણ લીધ્યું હતું અને આ ધિરાણનું પઠાણી વ્યાજખોરો પઠાણી રીતે ઉગરાણી કરતાં હતાં ત્યારે ખેડૂતને ફાયનાન્સરોએ માનસિક ત્રાસ આપી ખેડૂત જોડે જમીન ગુંડાગીરી અને માફીયાગીરી કરી ખેડૂત જોડેથી જમીન લખાવી દિધ્ધી હતી. આ પઠાણી વ્યાજખોરોનો ભાંડો ફૂટી જતા સમગ્ર મકાન, દુકાનો અને જમીનો હડફ કરી લીધેલા વાતો લોકમુખે ચર્ચોઈ રહ્યું છે. આ જમીનમાં કોમશીયલ ગોડાઉન બનતા હોવાના કારણે આજુબાજુમાં આવેલ ખેતરમાં ડસ્ટ અને કવોરીવેસ્ટ પડતા ખેડૂતોના પાકને ભારે નુકશાન વેઠવું પડે છે. માથાભારે ફાયનાન્સરો અને ગોડાઉન માલીકોની બીકના લીધે ખેડૂતો નુકશાન વેઠી લે છે. પણ હાઈવેને અડીને આ ગોડાઉન આવેલ હોવાના કારણે અવરજવર કરતા વાહનચાલકોની આંખમાં ડસ્ટની ડમરીઓ ઉડતી હોવાના કારણે મોટો અકસ્માત સર્જાય તેવી ભીતી ઊભી થઈ છે.

હાઈવેની બંને સાઈડોમાં ગટરો આવી છે પણ આ ગોડાઉન બનાવતાં માલીકોએ ગટરમાં કર્વારી વેસ્ટનું પુરણ ભરી દેતાં ચોમાસામાં આજુબાજુવાળા ખેડૂતોને ખેતરમાં આવેલ વાવેતરનેનુકશાન થતાં ખેડૂતોને રાતા પાણી રોવાના દિવસો આવશે તેવું હાલની પરિસ્થિત પર દેખાઈ રહ્યું છે. આ જમીન એન.એ કરવા માટે કેટલાંક અધીકારીઓએ મદદ કરી હતી. જીલ્લાના મોટા ભાગના અધીકારીઓને અને ભાજપના મોટા મોટા નેતાઓને લાખો રૂપીયા વગર વ્યાજે આપ્યા હોવાના કારણે આ ફાઈનાન્સરો તેમજ ગોડાઉન બનાવતાં માલીકો પર ચાર હાથથી અધીકારીઓના આશીવાર્દ છે. તેથી આ ફાઈનાન્સરો બજારમાં સરકારી તંત્ર, ખાણખનીજના અધીકારીઓ , પોલીસ તંત્ર અને ઈન્કમટેક્ષના અધીકારીઓને પોતાના ખીસ્સામાં રાખવાની બજારમાં લોકો સામે શેખી મારે છે. શું એટલે આ ફાઈનાન્સરો તેમજ ગોડાઉન બનાવતાં માલીકો પર મની લોન્ડરીંગ નો કેસ થયો હોવા છતાં પોલીસ પકડથી હજુ દૂર છે. જીલ્લા ક્લેક્ટર અને એસ.પી આ કેસ મામલે ગંભીરતાથી લઈ ફાઈનાન્સરોની ઝડપથી અટકાયત કરવામાં આવે. જો આ ફાઈનાન્સરો અટકાયત નહી થાય તો હજુ પણ કેટલાંયે વેપારીઓ ખેડૂતો આત્મહત્યાનો રસ્તો અપનાવે તે પહેલા આ ફાઈનાન્સરોને આગોતરા જામીન ન આપી તેમને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવે તો કેટલાયે વેપારીઓ અને ખેડૂતોની જીંદગી બચી શકે તેમ છે.



**શીકા ગૃપ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીનો સન્માન સમારોહ યોજાયો**

ધનસુરા તાલુકાના શીકા ગામે શીકા ગ્રુપ ગ્રામ પંચાયતના તલાટીકમ મંત્રી રજનીકાન્તભાઈ એમ. પટેલનો વય નિવૃતિ અને સન્માન સમારંભ પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ, પુંસરી ગામના પૂર્વ સરપંચ હિમાંશુભાઈ પટેલની હાજરીમાં શીકા પ્રાથમિક શાળા ખાતે યોજાયો હતો. સમારોહમાં ધનસુરા તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ કનુભાઈ એમ. પટેલ, સાબરડેરીના વાઈસ ચેરમેન કાંતિભાઈ એસ. પટેલ, સાબરકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હેમલત્તાબેન પટેલ, શીકા ગામના સરપંચ મોહનભાઈ ખાંટ, શીકા ગામના ડેપ્યુટી સરપંચ બિંકલબેન પટેલ અને ગ્રામ પંચાયતના કર્મચારી ગણ અને મોટી સંખ્યામાં ગામ લોકો ઉપસ્થિત રહયાં હતા.

# કેશલેસની આડમાં મહિલા ખેડૂત સાથે છેતરપીંડી

## મોડાસા માર્કેટયાર્ડમાં વેપારીએ બીલ આપવામાં આડોડાઈ કરતા મહિલા ખેડૂતે માર્કેટના સેક્રેટરી સમક્ષ કરી લેખિત ફરિયાદ કરતા ચકચાર

મોડાસા, તા. ૧

કેશલેશ સીસ્ટમની આડમાં ખાસ કરીને માર્કેટયાર્ડમાં કેટલાક લેભાગુ વ્યાપારીઓ ખેડૂતોને બીલ ન આપીને છેતરપીંડી કરતા હોય છે. આવો જ કિસ્સો અરવલ્લી જીલ્લાના મોડાસા માર્કેટયાર્ડમાં જોવા મળ્યો છે. જેમાં એક મહિલા ખેડૂતને માત્ર ચેકથી નાણા ચૂકવી વ્યાપારીએ બીલ ન આપ્યાની લેખિત ફરિયાદ માર્કેટના સેક્રેટરી સમક્ષ કરી છે.

આર્થિક વ્યવહારોને પારદર્શક બનાવવાના હેતુથી કેન્દ્ર સરકારે નાણાકીય વ્યવહાર રોકડને બદલે ચેક કે પછી સીધા બેંકમાં જમા કરાવવા કેશલેશ સિસ્ટમ અમલી બનાવી છે, જે આવકાર્ય બાબત છે, પરંતુ કેટલાક લેભાગુ વ્યાપારીઓ કેશલેશ સિસ્ટમની આડમાં ગ્રાહકો સાથે છેતરપીંડી પણ કરતા હોવાની બુમરાડ ઉઠવા પામી છે. જેમાં ખાસ કરીને માર્કેટયાર્ડમાં ભોળા ખેડૂતો સાથે આવા કિસ્સાઓ વધુ બને છે, જેમાં વ્યાપારીઓ ખેડૂતે વેચેલા માલનું ચુકવણું ચેકથી કરીને કેશલેશ સિસ્ટમનું પાલન કર્યુ હોવાનું દર્શાવે છે, પરંતુ તે જ માલનું બીલ આપવાની વાત આવે ત્યારે બીલ ન આપીને ખેડૂતો સાથે છેતરપીંડી કરતા હોય છે, આવો જ કિસ્સો અરવલ્લી જીલ્લાના મોડાસા માર્કેટયાર્ડમાં પ્રકાશમાં આવ્યો છે, જેમાં ડાહીબેન પટેલ નામની એક મહિલા ખેડૂતે ગત ૨૨ ફેબ્રુઆરીના રોજ માર્કેટની એક પેઢીમાં રૂપિયા ૬૩,૧૪૨ રાયડાનું વેચાણ કરેલું, જેનું ચુકવણું વ્યાપારીએ ચેક થઈ કરેલું, પરંતુ તેનું કાચું કે પાકું કોઈ પણ પ્રકારનું બીલ આપ્યું ન હતું, મહિલા ખેડૂતે બીલની માંગ કરતા પછીથી લઈ જજો તેમ કહી વાત ટાળી દીધી, અને ત્રણ ચાર ધક્કા ખાવા છતાં પણ બીલ ન આપતા, છેવટે ડાહીબેન પટેલે માર્કેટયાર્ડના સેક્રેટરી સમક્ષ લેખિત રજૂઆત કરીને પોતાની સાથે થયેલ છેતરપીંડી અંગેની ફરિયાદ કરી હતી.




મહિલા ખેડૂતે આ અંગે ખેડૂત અગ્રણી અને ખેડૂત સમાજના જીલ્લા પ્રમુખ નીકુલ પટેલ સાથે પણ ટેલીફોનીક વાતચીત કરીને પોતાની વ્યથા ઠાલવેલી ત્યારે તાત્કાલિક અસરથી અરવલ્લી જીલ્લા ખેડૂત સમાજ પ્રમુખ નીકુલ પટેલે મહિલા ખેડૂતના હામી બની ફોન કરીને મોડાસા માર્કેટયાર્ડના સેક્રેટરી સાથે વાત કરીને વ્યાપારી સામે પગલા ભરી મહિલા ખેડૂતને ન્યાય આપવા અપીલ કરી હતી, તો સાથે જ ખેડૂતોના માલની હરાજી માટે બનાવેલા હરાજી હોલ એટલે કે ઓક્શન પ્લેટફોર્મમાં પણ છેલ્લા બે વર્ષથી ગેરકાયદેસર કબજો જમાવેલો છે, જેને પગલે માર્કેટયાર્ડ તંત્ર પણ હરકતમાં આવ્યું અને જવાબદાર વ્યાપારીને નોટીસ પાઠવીને તેનો જવાબ માંગવામાં આવ્યો છે, પરંતુ તેણે નોટીસ સ્વીકારવાનો ઈનકાર કરતા તેની પેઢી ખાતે નોટીસ ચિપકાવીને તેની સામે કાયદેસર પગલા લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ માર્કેટયાર્ડના સેક્રેટરીએ લેભાગુ વ્યપારીને જગદીશ કોર્પોરેશનનું લાયસન્સ રદ કરવાનો પણ નિર્ણય લેવાય તેવા સંકેત મળ્યા છે.

## મોડાસાની સરસ્વતી વિદ્યાલયમાં પંચામૃત કાર્યક્રમની ઉજવણી

મોડાસા, તા. ૧

મોડાસા શહેરની જાણીતા શૈક્ષણિક સંકુલ સરસ્વતી વિદ્યાલયમાં મોડાસા વાલી સંમેલન અને ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ, વાર્ષિકોત્સવ, તેજસ્વી તારલાઓનું સન્માન સહીત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સહીત પંચામૃત ત્રીદિવસીય કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં જીલ્લા શિક્ષણાધિકારી એ.પી. ઝાલા, સરકારી ઈજનેર કોલેજ ભુજના એચ.સી. પટેલ, કચ્છ કડવા પાટીદાર ઉમિયા ટ્રસ્ટના અમૃતભાઈ પટેલ, વી.આર. પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, ભરતભાઈ કડિયા અને હરિભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પંચામૃત કાર્યક્રમ જીગ્નેશ સુથારના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.





અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની ૨૧ ગ્રામ પંચાયત પેક્કીની ૧૦ પંચાયત માટેની આજે ઉપ સરપંચની ચૂંટણી યોજાઈ હતી. જેમાં દઘાલીયા પંચાયતમાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મતદાન યોજવાની પ્રક્તિા હાથ ધરતા ચૂંટાયેલા મહીલા સભ્યએ ગુપ્ત મતદાન યોજાઈ તે માટેની રજુઆત અધિકારી સમક્ષ મુકી હતી, પરંતુ ગુપ્ત મતદાન માટેનો એવો કોઈ નિયમ ન હોવાને કારણ ચૂંટાયેલા સભ્યોએ આંગળી ઉંચી કરી મત આપી પોતાનો ઉપ સરપંચ ચુટયો હતો. જોકે ગુપ્ત મતદાન ન થતા એક મહિલા સભ્યએ ચૂંટણીનો બહિષ્કાર કરી પંચાયતમાંથી ચાલતી પકડી હતી. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન પોતાનો મત રજુ ન કરનાર મહિલાને ઘેર હાજર ઠેરવી ૬ વોટ મેળવનાર હિતેશ હસમુખભાઈ પટેલને ઉપ સરપંચ માટે વિજેતા જાહેર કરી ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ કરી. અધ્યક્ષ તરીકે સરકારી અધિકારીનું સરપંચ ભાનુંભાઈ પંડ્યા અને ઉપસરપંચ તથા ગામના આગેવાનોએ પુષ્પ બુકેથી સ્વાગત કરી આવકાર્યા હતા.

# કલોલ ખાતે નિ:શુલ્ક આયુર્વેદ હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા સ્વભંડોળની ગ્રાન્ટમાંથી કલોલ તાલુકાના શેરીસા મુકામે ૬ઠ્ઠી માર્ચને મંગળવારે સવારે ૧૦ થી ૨ કલાકે મેગા નિ:શુલ્ક આયુર્વેદ હોમિયોપેથી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં અગ્નિકર્મ, જાલંધર બંધથી હલતા દાંત પાડવા, ડાયાબિટીસ, મેદસ્વીપણું અને વંધ્યત્વ તેમજ કીડનીની પથરીની હોમિયોપેથી સારવાર તજજ્ઞ વૈધ દ્વારા આપવામાં આવશે.

કલોલમાં શેરીસા ખાતે આવેલા જૈન દેરાસરમાં સવારે ૧૦ થી બપોરે ૨ કલાક સુધી નિ:શુલ્ક આયુર્વેદ હોમિયોપેથી સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. સારવાર કેમ્પમાં સાંધાનો વા, આમવાત, કમરનો દુ:ખાવો, રાંઝણ, સર્વાઈકલ સ્પોન્ડીલાઈટીસ, ટેનિસ એલ્બો જેવા વિવિધ સાંધાના દુ:ખાવાની સારવાર અગ્નિકર્મ દ્વારા આપવામાં આવશે. આ ઉપરાંત, કોઈપણ જાતના રક્તસ્ત્રાવ, દુ:ખાવા કે ઈંજેક્શન વિના હૃદયરોગી સહિત તમામ દર્દીઓના હલતા દાંત નિષ્ણાત વૈદ્ય દ્વારા પાડી આપવામાં આવશે.

સારવાર કેમ્પમાં ડાયાબીટીસ, મેદસ્વીપણું તથા વંધ્યત્વ-નિ:સંતાનપણાની સારવાર તજજ્ઞ વૈદ્ય દ્વારા આપવામાં આવશે. આ ઉપરાંત, હોમિયોપેથીમાં વિશ્વની સૌથી પ્રચલિત 'સંપૂર્ણ મૂળગામી ચિકિત્સા' પદ્ધતિ દ્વારા કીડનીની પથરીની હોમિયોપેથી સારવાર આપવામાં આવશે. નિર્દોષ અને આડઅસર વિનાની આ પદ્ધતિથી કિડનીની પથરીમાં જો હોમિયોપેથી સારવાર શરૂઆતથી જ લેવામાં આવે તો પથરી નીકળી જાય છે. તથા જો દવા નિયમિતપણે લેવામાં આવે તો કિડનીની પથરીને ફરીથી બનતી અટકાવી શકાય છે.

આયુર્વેદ એ વિશ્વનું સૌથી પ્રાચીન ચિકિત્સા શાસ્ત્ર છે. તેમજ સચોટ અને નિર્દોષ સારવાર પદ્ધતિ છે. અત્યારના સમયે ઉકાળાની જેમ જ અગ્નિકર્મ અને જાલંધર બંધ જેવી પદ્ધતિઓ પણ ખૂબ જ સરળ, અક્સીર તેમજ અસરકારક છે. ૬ઠ્ઠી માર્ચે યોજાનાર સારવાર કેમ્પનો જિલ્લાના તમામ નાગરિકો લાભ લે તેવી વિનંતી જિલ્લા આયુર્વેદ અધિકારી દ્વારા કરવામાં આવી છે.

# ઝીંઝૂવાડા ખાતે તેજેશ્વર મહાદેવ તથા તેજાનંદ મંદિરના પાટોત્સવનું સમાપન

ગાંધીનગર, તા. ૧

સુરેન્દ્રનગર જિલ્લાના ઝીંઝૂવાડા ખાતે નવનિર્મિત તેજેશ્વર મહાદેવ મંદિર અને મહર્ષિ તેજાનંદ સ્વામીના મંદિરનો છઠ્ઠો પાટોત્સવ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે લઘુરૂદ્ર યજ્ઞ તથા ધ્વજારોહણનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિકાસ નિગમના ચેરમેન ગૌતમ ગેડિયાની અધ્યક્ષતામાં યોજાયેલા પાટોત્સવમાં રાકેશ નાગર દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અધ્યક્ષે જણાવ્યું હતું કે, સમગ્ર વિસ્તારમાં મંદિર ગુરૂ બ્રાહ્મણ સમાજની આસ્થાનું કેન્દ્ર બન્યુ છે તે આનંદદાયક છે. આ ઉપરાંત તેમણે ધાર્મિક કાર્યોમાં સમગ્ર ગુજરાતના પરિવારજનોને એક થઈને કાર્યરત થવા માટે હાંકલ કરી હતી.

પાટોત્સવ પ્રસંગે નિવૃત્ત મામલતદાર જે.વી. શ્રીમાળી, સહાયક માહિતી નિયામક ભાનુ દવે, કે.કે. પંડ્યા, સી.એન. જોષી તેમજ ગોડભાઈ સહિતના મહેમાનોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ ઉપરાંત સંસ્થાનો ટુંકો અહેવાલ, મંહામંત્રી એમ.જી. શ્રીમાળીએ રજૂ કર્યો હતો. પાટોત્સવમાં યજ્ઞ તથા મહાઆરતી સહિતની વિધિ મહેસાણાના આચાર્યપદેથી મહેશ શાસ્ત્રીએ કરી હતી. કાર્યક્રમના અંતમાં ઝીંઝૂવાડા ગુરૂગાદીના મહંત દયારામ બાપુ દ્વારા આશીર્વચન આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સુરેન્દ્રનગર તથા કચ્છ જિલ્લાના ભાવિકભક્તો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.





ભારતના પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડૉ. સી.વી. રામને રામન ઈફેક્ટની શોધ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૨૮માં વિજ્ઞાન જગતમાં અનેક વિવિધ શોધના દ્વાર ખોલી નાખ્યા હતા. તેમણે ૧૯૩૦માં નોબલ પારિતોષિક મળ્યુ હતુ. આ ગૌરવશાળી શોધની જાહેરાત ૨૮ ફેબ્રુ. ૧૯૨૮ના રોજ થઈ હતી. આ શોધને કારણે દેશમાં ૧૯૮૬થી પ્રતિવર્ષ ૨૮ ફેબ્રુઆરીને દેશમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવાય છે. ચિલોડા પ્રાથમિક શાળામાં વિજ્ઞાનદિન નિમિત્તે બાળકો સાથે વિચાર ગોષ્ઠી યોજી ઉજવણીનો હેતુ અને સમજ આપી તેમજ વિજ્ઞાન સંબંધિક વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ યોજી ધો. ૬ થી ૮ના ૧૨૫ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શાળાના ઉત્સાહી વિજ્ઞાન શિક્ષિકા મયુરીબેન તથા ફાલ્ગુનીબેન તથા અન્ય શાળા પરિવાર દ્વારા માનવ શરીરના વિવિધ ભાગોનું નિદર્શન, સમજ, માઈક્રો સ્કોપનો ઉપયોગ, સમજ સ્લાઈડ નિદર્શન, વૈજ્ઞાનિક પ્રયોગો માટેના વિવિધ સાધનોની રચના, કાર્ય પદ્ધતિ ઉપયોગની સમજ અને સાધનની ઓળખ અને પ્રવૃત્તિઓનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું.

# આદર્શ વિદ્યાલય મોતીપુરા ખાતે તેજસ્વી છાત્રોનું સન્માન

સાબરકાંઠા જિલ્લાનાં વડા મથક હિંમતનગરના આંગણે વિશ્વ મંગલમ્ કેળવણી મંડળ સંચાલિત આદર્શ વિદ્યાલય ખાતે તા. ૨૭ ફેબ્રુઆરીના મંગળવારના શુભ દિવસે ડોક્ટર ડી.એલ. પટેલની અધ્યક્ષતામાં વય નિવૃત્ત થતા આચાર્ય તેમજ વિદ્યાર્થીઓનો શુભેચ્છા સન્માન સમારોહ યોજાયો તેમજ આ શુભેચ્છા સન્માન સમારોહમાં પ.પુ. ગૌરાંગશરણ દેવાચાર્યજી ઉપસ્થિત રહી શિક્ષકોને બાળકોના માઈલ સ્ટોન ગણાવી શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ સ્મિતાબેન પટેલ પ્રા. જિલ્લા શિક્ષણ અધિકારી મહેસાણા, ભાનુભાઈ પટેલ સભ્ય ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર, મહેન્દ્રભાઈ પટેલ સભ્ય - પ્રમુખ સાબરકાંઠા જિલ્લા આચાર્ય સંઘ, ગૌતમભાઈ ભટ્ટ રાષ્ટ્રપતિ એવોડ વિજેતા આચાર્ય શારદા હાઈસ્કૂલ વડાલીના પ્રેરણાદાયી મહાનુભાવોની ઉપસ્થિતિમાં મહેમાનોના વરદહસ્તે તેજસ્વી તારલાઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમની સુંદર રજુઆત થઈ હતી તેમજ ભુતપૂર્વ વિદ્યાર્થીઓ દાન આપી બાળકોને દત્તક લેવાની શુભ શરૂઆત કરી હતી. આ ઉપરાંત વિવિધ શાળાના આચાર્ય, વાલીગણ, શુભેચ્છકો, આમંત્રિત મહેમાનોનું આભારવિધિ દ્વારા સ્વાગત કરી આદર્શ વિદ્યાલયના સમગ્ર શાળા પરિવારે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### આવરી લેવાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉભા થયેલા નાણા ભારણને કારણે પૂરક માંગણીઓ અનિવાર્ય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય વિધાનસભા ખાતે આજે રૂ.૬૯૫.૯૮ કરોડની પૂરક માંગણીઓ રજૂ કરાઈ હતી. વિધાનસભા ગૃહમાં કુલ રૂ.૧૦૭૯૬ કરોડની ૫૩ પૂરક માંગણીઓ રજૂ કરી હતી તે પૈકી ૧૦ માંગણીઓ ચર્ચા દ્વારા ગૃહમાં પસાર કરાઈ હતી. ૭ માંગણીઓ બિન મતપાત્ર હતી અને બાકીની ૩૬ માંગણીઓ ગિલોટીનથી રજૂ કરાઈ હતી તે તમામ માંગણીઓ ગૃહમાં બહુમતિથી પસાર કરાઈ હતી.

### પગાર પંચ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પેન્શનરોને તા.૧-૧-૨૦૧૬થી તા.૩૦-૭-૨૦૧૬ સુધીના સાત માસ અને પેન્શનરોને તા.૧-૧-૨૦૧૬થી તા.૩૦-૯-૨૦૧૬ સુધી નવ માસના તફાવતની રકમ ચૂકવવામાં આવશે. આ તમામ રકમ રોકડમાં અને ત્રણ હપ્તામાં ચૂકવવામાં આવશે. જેમાં પ્રથમ હપ્તો આ માર્ચ મહિનામાં, બીજો હપ્તો મે મહિનામાં અને ત્રીજો હપ્તો જૂલાઈ માસમાં ચૂકવવામાં આવશે. સરકારના આ નિર્ણયને પગલે રાજયભરના આશરે ૪.૬૫ લાખ કર્મચારીઓ અને ૪.૧૨ પેન્શનરોને લાભ થશે. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, ત્રણ હપ્તામાં રોકડેથી એરિયર્સની ચૂકવણી કરવાના કારણે પગાર તફાવત પેટે રૂ.૭૫૨.૭૮ કરોડ તથા પેન્શન તફાવત પેટે રૂ.૩૪૦.૪૮ કરોડ મળી કુલ રૂ.૧૦૩૯.૨૬ કરોડનું પ્રતિ હપ્તા પેટે ભારણ સરકાર પર આવશે. આમ, ત્રણેય હપ્તાઓનું મળી કુલ રૂ.૩૨૭૯.૭૯ કરોડનું આર્થિક ભારણ સરકારની તિજોરી પર પડશે પરંતુ સરકાર કર્મચારીઓ અને પેન્શનરોને આ લાભ આપવા કટિબધ્ધ છે. દરમિયાન શિક્ષણ ક્ષેત્રે કોલેજોની માંગણી સંદર્ભે નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતુ કે, દરેક તાલુકામાં કોલેજ ઉભી કરવાનો નિર્ણય આ સરકારે કર્યો છે પરંતુ કોલેજ માટે જરૂરી જગ્યા સહિત અનેક વહીવટી બાબતોથી કામગીરીમાં વિલંબ થતો હોય ચે પરંતુ દરેક તાલુકામાં કોલેજો ઉભ થાય તે માટે સરકાર કટિબદ્ધ છે અને તે માટે પુરતી નાણા સહાય અપાય છે. વધકારાના નાણાંકીય ખર્ચ સંદર્ભે નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકારે રાજ્યના કર્મચારીઓ માટે સ્વીકારેલા સાતમાં પગાર પંચને લઈ નાણાની ફાળવણી સમયને આધિન કરવાની રહેશે તેમજ ગત વર્ષે ફિક્સ સમયના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ ઉપરાંત તેમજ કાયમી કરવાના નિર્ણયથી ઉબા થયેલા નાણા ભારણને કારણે પૂરક માંગણીઓ અનિવાર્ય છે.

### પુન: પ્રયાસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મંદિરમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને મળવા માટે પહોંચ્યા હતા. બંને વચ્ચે કયા પ્રકારની વાતચીત થઈ તેને લઈને કોઈ ખુલાસો કરવામાં આવ્યો ન હતો. આ અંગે પૂછવામાં આવતા શ્રીશ્રીએ કહ્યું હતું કે, તેમની વચ્ચે વિકાસ અને દેશના મુદ્દાઓને લઈને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. રવિશંકરનો વિરોધ કરી રહેલા લોકો ઉપર તેમણે કહ્યું હતું કે, સારા કામનો હંમેશા વિરોધ થાય છે પરંતુ જે કંઈપણ કામ થઈ રહ્યું છે તે યોગ્ય દિશામાં છે. રામ મંદિર નિર્માણને લઈને તેમના પ્રયાસોને ચોક્કસપણે સફળતા મળશે.

### સંપત્તિ જપ્ત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અલીબાગમાં ચાર એકરમાં ફેલાયેલા ફાર્મ હાઉસ, નાસિક, નાગપુર, પાનવેલ જેવા સ્થળો ૨૩૧ એકર જમીન તથા તમિળનાડુમાં વેલ્લુપુરમ ખાતે પણ સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત હૈદરાબાદના રંગરેડ્ડી જિલ્લામાં ૧૭૦ એકર પાર્કમાં આવેલી સંપત્તિને પણ જપ્ત કરવામાં આવી છે. આની કિંમત ૫૦૦ કરોડથી વધુની હોવાની જાણવા મળ્યું છે. મહારાષ્ટ્રના પાટનગરના બોરીવલી વિસ્તારમાં ચાર ફ્લેટ અને શાંતાક્રૂઝ પૂર્વમાં ખેમૂ ટાવરમાં અન્ય નવ ફ્લેટ જપ્ત કરવામાં આવી ચુક્યા છે. ચોક્સીની માલિકીની ૪૧ સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. આ સંપત્તિની કિંમત ૧૨૧૭.૨ કરોડ રૂપિયા હોવાનું જાણવા મળ્યું છે. ડિઝાઈનર ડાયમંડ જ્વેલરી કારોબારી નિરવ મોદીના સંબંધી અને કારોબારી ચોક્સી તથા અન્યો સામે ઈડી અને અન્ય તપાસ સંસ્થાઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ૧૨૦૦૦ કરોડથી વધુની પંજાબ નેશનલ બેંક સાથે છેતરપિંડીના મામલામાં પીએનબી દ્વારા ફરિયાદ કરવામાં આવ્યા બાદ આ સમગ્ર મામલામાં તપાસ ચાલી રહી છે. બેંકના કેટલાક કર્મચારીઓની સંડોવણી પણ સ્પષ્ટપણે સપાટી ઉપર આવી છે. કેસમાં તપાસ કરવા સીબીઆઈ અને ઈડી દ્વારા બે એફઆઈઆર પણ નોંધવામાં આવી ચુકી છે. ચોક્સી અને મોદી દેશમાંથી બહાર જઈ ચુક્યા છે. તેમની સામે કેસ દાખલ કરવામાં આવે તે પહેલા જ આ બંને ફરાર થઈ ગયા હતા. કોઈપણ ખોટુ કામ કર્યુ હોવાનો બંને ઈન્કાર કરી રહ્યા છે. કેન્દ્રીય નાણામંત્રાલય હેઠળ આવતી તપાસ સંસ્થા ઈડી દ્વારા ઉંડી તપાસ ચાલી રહી છે. વિદેશમાં રહેલી સંપત્તિમાં પણ તપાસ ચાલી રહી છે. ઈડી ઉપરાંત ઈન્કમટેક્સ વિભાગ અને સીબીઆઈ દ્વારા પણ તપાસ કરવામાં આવી રહી છે. આ તપાસનો દોર હજુ જારી રહે તેવી શક્યતા છે. ફ્રોડના સંદર્ભમાં પંજાબ નેશનલ બેંકના અનેક કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવી ચુક્યા છે. વ્યાપક દરોડા પણ પાડવામાં આવી ચુક્યા છે. નિરવ મોદી અને મેહુલ ચોક્સીના મામલામાં તેમની સાથે જોડાયેલી સંપત્તિમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે.

### મહાસમાધી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયા મહિનામાં જયેન્દ્ર સરસ્વતીને અચાનક શ્વાસ લેવાની તકલીફ ઉભી થઈ હતી. ત્યારબાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પાર્થિવ દેહને દફનાવવા માટેની પ્રક્રિયા જેને વૃંદાવન પ્રવેશમ કહેવામાં આવે છે તે સ્નાનની સાથે શરૂ થઈ હતી. અભિષેક અથવા તો સ્નાન માટે દુધ અને અન્ય ચીજ વસ્તુઓ લાવવામાં આવી હતી. અભિષેકની પ્રક્રિયા વિજયેન્દ્ર સરસ્વતી અને પરિવારના સભ્યોની હાજરીમાં હાથ ધરવામાં આવી હતી. વૈદિક મંત્રોચ્ચારની વિધી થોડાક સમય સુધી ચાલી હતી. મઠના મુખ્ય સંકુલમાં આ વિધી ચાલી હતી. મઠના અધિકારીએ કહ્યુ હતુ કે જયેન્દ્ર સરસ્વતીના પાર્થિક શરીરને વૃંદાવન ઉપભવનમાં લઈ જવામાં આવ્યો હતો. મહાસમાધી વેળા મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. મઠના એક અધિકારીએ કહ્યું હતું કે, તેમના પૂર્વવર્તી ચંદ્રશેખરેન્દ્ર સરસ્વતીના અવશેષ વર્ષ ૧૯૯૩માં રાખવામાં આવ્યા હતા. આ પ્રસંગે મહાસમાધીથી પહેલા કરવામાં આવતા અનુષ્ઠાન અને સંસ્કાર પણ મઠના મહંતો દ્વારા કરવામાં આવ્યા હતા.

મહાસમાધીની પ્રક્રિયા વેળા મોટી સંખ્યામાં સંતો અને લોકો ઉપસ્થિત રહ્યા હતા. હિન્દુ માન્યતાઓ મુજબ શંકરાચાર્ય કોઈ એમ જ બની જતાં નથી. આદિ શંકરાચાર્યને ભગવાન શંકરના અવતાર તરીકે ગણવામાં આવે છે. હિન્દુ ધર્મમાં શંકરાચાર્ય સર્વોચ્ચ હોદ્દા સમાન છે. મહાસમાધીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ શંકરાચાર્ય જયેન્દ્રસરસ્વી પંચતંત્રમાં વિલિન થયા હતા. હિન્દુ ધર્મમાં સૌથી મહત્વપૂર્ણ અને તાકાતવર ગણાતા તમિળનાડુ સ્થિત કાંચી પીઠના પીઠાધિપતિના રૂપમાં જયેન્દ્રસરસ્વતીએ રાજકીયરીતે પણ તાકાતવર સંત તરીકેની છાપ ઉભી કરી હતી. જયેન્દ્રસરસ્વતીને વૈદ્યનું ખુબ જ્ઞાન હતું. અટલ બિહારી વાજપેયી પણ તેમના પ્રશંસકો પૈકીના એક હતા. જયેન્દ્રસરસ્વતીએ અયોધ્યા વિવાદના ઉકેલ માટે પહેલ પણ કરી હતી. વાજપેયીએ તેમની પ્રશંસા કરી હતી. જયેન્દ્ર સરસ્વતીએ હિન્દુઓના પ્રમુખ કેન્દ્ર કાંચી કામકોટી મઠને વધુ શક્તિશાળી બનાવવામાં ભૂમિકા ભજવી હતી. કાંચીમઠના મેનેજર શંકરરામનની હત્યાના આરોપમાં ૧૧મી નવેમ્બર ૨૦૦૪ના દિવસે જયેન્દ્ર સરસ્વતીની ધરપકડ કરવામાં આવી હતી તે વખતે જયલલિતાની સરકાર હતી. એક એવો સમય હતો જ્યારે જયલલિતા પોતે જયેન્દ્ર સરસ્વતીને પોતાના આધ્યાત્મિક ગુરુ માનતી હતી. એમ માનવામાં આવે છે કે જ્યારે જયેન્દ્ર સરસ્વતીને પોલીસ ધરપકડ કરવા પહોંચી ત્યારે ત્રિકાળ સંધ્યામાં હતા. ૨૭મી નવેમ્બર ૨૦૧૩ના દિવસે શંકરરામન હત્યા કેસમાં પુડુચેરીની કોર્ટે જયેન્દ્ર સરસ્વતી તથા તેમના ભાઈ વિજેન્દ્ર સહિત ૨૩ આરોપીઓને નિર્દોષ છોડી મુક્યા હતા.